# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૧૨ ડિસેમ્બર,૨૦૦૦



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## વાણી અને પાણી

એમ કહેવાય છે કે વાણી અને પાણી બન્નેનો ઉપયોગ જોઈ સમજી વિચારી અને કરકસરથી કરવો જોઈએ.બન્નેને ગરણે ગાળી વાપરવા જોઈએ.

દ્રૌપદીએ 'અંધના અંધ' એવો શબ્દ પ્રયોગ દુર્યોધન માટે ન કર્યો હોત તો કદાચ મહા ભારત ન થયું હોત.વર્તમાનકાળે વાણી ઘણા વિગ્રહ સર્જે છે.ઘણીવાર અભણ કે ઓછુ ભણેલા ભણેલાને છકકડ ખવડાવી દેતા હોય છે.

એકવાર પાણીની પાઈપલાઈનનું સમારકામ કરવા આવેલ ગામડાના યુવકે બહુ જ સરસ વાત કરીકે, એક જગ્યાએ હું સમારકામ કરતો હતો.પાણી મળવાનો દિવસ હતો.એક કહેવાતા ભણેલા બેને વાસણો,ટાંકી, કોઠીઓ ભરી લીધા પછી પાણીની ડોલની છાલક મારી પગથીયા,ચોકડી,વગેરે ધોવામાં નળ ચાલુ રાખી બેફામ રીતે પાણીનો ઉપયોગ કરતા હતા.મેં તેમને પુછયું' બેન તમારે ત્યાં રૂપિયા વીસ હજાર આવે ને તમે જરૂર મુજબ દસ હજાર ખર્ચો પછી વધે તેનુ શું કરો ?બેને જવાબ આપ્યો બેંકમાં મુકીએ.તો આ પાણી પણ બેંકમાં મુકોને.કયારનાં નળ ચાલુ રાખી અમથુ અમથુ પણી ઢોળઢોળ કરો છો.નળ બંધ કરી દો તો આવતા દાડે કામ આવશે,તમારે નહિતો તમારા પાડોશીને કામ આવશે.

પ્રાણી માત્રને જીવન ટકાવવા હવા અને પાણી અગત્યનાં છે. જળસમસ્યાના ઉકેલમાં સૌથી અગત્યનું એક પાસુપાણી નો દુર્વ્યય રોકવા જન માનસ ની કેળવણી છે.પીવાનુંપાણી માણસે,પ્રાણીએ,પશુએ,જીવાણુએ તરસ છીપે તેટલુ પીવું પડે તેમાં કાંઈ કરકસર બહુ સંભવિત નથી.

પૂ.મહાત્મા ગાંધીજીએ એકવાર બે કાંઠે વહેતી સાબરમતી નદીમાંથી એક લોટી પાણી લઈ દાતણ કર્યુ ત્યારે એક ભાઈએ કહયું કે બાપુ આવડી મોટી નદી બે કાંઠે વહે છેતો આપ પાણી વાપરવામાં કંજૂસાઈ કાં કરો ?પૂ.બાપૂએ જવાબ આપ્યો'ભાઈ આ વહે છે તે બધું પાણી મારા બાપાનું થોડું છે?મારા ભાગે આવે એટલા પાણીનો જ હું ઉપયોગ કરી શકું.ગાંધીજી સ્નાન કરતી વખતે જરૂરીયાત મુજબ થોડા પાણીનો ઉપયોગ કરતા.

પહેલાનાં જમાનામાં પાઈપ લાઈનથી પાણી મળતું ન હતું. કુવામાંથી કાઢવું પડતુ અથવા માથે ઉપાડી નદી, તળાવ, કૂવામાંથી લાવવું પડતું ત્યારે મોઢું ધોવા માટે એકાદ લોટો પાણી પુરતુ થઈ જતુ. જયાં આજે નળ વાટે દાતણ, દાઢી માટે બહુ પાણીનો વ્યય થાય છે તે રોકવા સમજાવી શકાય.

અગાઉ ફલશનાં સંડાસ જાંજરૂ ન હતા ત્યારે શૌચ માટે એક લોટો પાણી લઈને લોકો ગામ દૂર જતા હતા.અત્યારે સંડાસમાં એક ડોલ જેટલુ તથા પછી ફલેશમાં પણ તેટલાજ પાણીની જરૂર પડે છે.જે લોકો પોતાને મોટા શ્રીમંતમાં ખપાવે છે તેઓ નળ ફૂવારા ખુલ્લા મૂકી સ્નાન કરે છે.ઘણુ પાણી વેડફે છે.આવો વ્યય લોક માનસ કેળવી અટકાવી શકાય.

અગાઉનાં જમાનાં માં લાદી,ટાઈલ્સ આરસ ન હતા ત્યારે માટીની ગાર વર્ષમા બે ત્રણ વાર થતી.રોજ રોજ ધોવાની, પોતા કરવાની જરૂર ઉભી ન થતી.તે ઉનાળામાં ઠંડક આપતી તથા શિયાળામાં હૂંફ આપતી.આજે ઘણા ઘરો માં દિવસમા બે ત્રણ વાર પોતા થાય છે.

જૂના જમાનામાં કાંસાની થાળી વાટકા મોટા ભાગે વપરાતા હતા .આ વાસણો પાણીથી ધોઈ પછી છાણા લાકડાની કોરી રાખ થી સાફ કરી કોરા કરવામાં આવતા હતાં.આજે નળ ચાલુ રાખી સાબુપાઉડરથી વાસણો સાફ થાય છે.

જાહેર ટ્રસ્ટો,સંસ્થાઓ,સાધુસંતો,મહિલાઓ આ દિશામાં ઘણું કરી શકે.પર્યાવરણનાં અભ્યાસક્રમમાં પાણી હવા વગેરે અંગે જાણકારીને અગ્રતા તથા મહત્વ આપવાની જરૂરછે.વર્તમાન પત્રો ,સામયિકો,આકાશવાણી,દૂરદર્શન વગેરે લોક ભોગ્ય કાર્યક્રમ સમાજને પીરસે.પાણીની વહેંચણીમાં વીજળ ી,ટેલિફોન માફક મીટરદાખલ કરી વધારે વપરાશ કરનારા પાસેથી વધારે રકમ ચાર્જ થાય તેમ હોવું જોઈએ.જે લોકો સમજદારીથી ઓછી વપરાશ કરે તેને વળતર,કન્સેસન આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.ઘણાં ધર્મોમાં ખોટુ પાણી ઢોળાય તેમાં પાપ લાગે એમ માનવામાં આવે છે.આની પાછળ પાણી નહિ વેડફવાનો આશય પણ કદાચ હોય.

આવતા દિવસોમાં પાણી માટે વિગ્રહો થશે તેવી આગાહી થઈ રહી છે ત્યારે પાણીની કરકસર માટે નહિ વિચારાય તો મુશ્કેલી થશે.અને પાણીની અછત મનુષ્યજીવન અને પ્રાણીજીવનને દોહ્યલુ બનાવી દેશે.

**—રેખાબેન દોંગા**

**શુધ્ધ રાખો વાણી,બચાવો વહેતું પાણી**

## યુવા ચેતના સંમેલન

૩ ડિસેમ્બરનાં રોજ 'જનપથ' અમદાવાદ દ્વારા યુવા ચેતના સંમેલન યોજાયું જેમાં યુવાનો માં વિકાસક્ષેત્રે નેતૃત્વ ઉભું થાયતે અંગે આયોજન થયુ. આ પ્રસંગે શ્રી માર્ટીન મેકવાનને રોબર્ટ એફ કેનેડી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.

## બાળઅધિકાર અંગે કાર્યશાળા

એન.જી.ઓ. ફોરમ ફોર ચાઈલ્ડ રાઈટસ અને 'યુનીસેફ' ગાંધીનગર દ્વારા સ્ટેટસ ઓફ ઈમ્પલીમેન્ટેશન ઓફ ચાઈલ્ડ રાઈટ ઈન ગુજરાત અન્વયે અગાઉ થયેલ કાર્યક્રમનાં આધારે 'યુનીસેફ'એ રિપોર્ટ બનાવી રજુ કર્યો .જેમાં બાળ અધિકારો પર ચર્ચા કરી એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો.

## ટી.સી.બી.ટી.

'ઉન્નતિ' દ્વારા બીજા તબકકાની તાલીમ તા.૫–૯ ડિસેમ્બર દરમ્યાન મહારાજા અગ્રેસન ભવન દ્વારકા ખાતે રાખવામાં આવેલ.જેમાં અલગ–અલગ સંસ્થામાંથી વીસેક તાલીમાર્થી ઓએ બીજા તબકકાની તાલીમ પૂર્ણ કરી હતી.જેમાં તાલીમ રૂપરેખા,સ્વવિકાસ,સ્વયંની સ્વકલ્પના,આત્મ જ્ઞાન અને વિકાસ,તાલીમ પધ્ધતિ અને તાલીમ ટીમ સાથે સમન્વય વધારવા જેવા મુદાઓ પર પાંચ દિવસ તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવેલ.'ઉન્નતિ' નાં નિયામકશ્રી બિનોય આચાર્યએ ચલાવેલ આ તાલીમમા ધીરજભાઈ ભાલાણી , તાપસભાઈ એ સાથ આપ્યોહતો.

## માનવ અધિકાર દિન

તા.૧૦/૧૨/૨૦૦૦ નાં રોજ અમદાવાદ નાં પાલડી ખાતે મેહંદિ નવાઝ જંગ હોલમાં સામાજીક ન્યાય કેન્દ્ર અને નવસર્જન સંસ્થા ના સંયુકત ઉપક્રમે"માનવ અધિકાર દિન" ઉજવાયો.સંમારંભનાં અધ્યક્ષ સ્થાને રાજસ્થાન હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાય મૂર્તિ માનનીય શ્રી જસ્ટિસ એ.પી.રવાણી ઉપસ્થિત રહયા હતા.તેમજ સામાજીક ન્યાય કેન્દ્રનાં નિયામક શ્રી ગગન શેઠી, રોબર્ટ ઓફ કેનેડી એવોર્ડ પુરસ્કૃત નવસર્જનનાં નિયામકશ્રી માર્ટીન મેકવાન, ડિપ્લોમાં ઈન હ્યુમન રાઈટસ ઈન લો એન્ડ પ્રેકટીસનાં ડીન શ્રી ધોળકીયા નયા માર્ગ પાક્ષીકનાં તંત્રીશ્રી ઈન્દુકુમાર જાની,માનવ અધિકાર પત્રકારત્વ એવોર્ડ મેળવનાર શ્રી અનોસ મલેકર,મુકુંદ પંડયા તેમજ સા.ન્યા.કે. અમરેલીનાં અશ્વિનભાઈ પટેલ,અરવિંદ ખુમાણ,ઉદયન ત્રિવેદી, કે.એસ.રાઠોડ, વિ.હાજર રહયા હતા.

આ પ્રસંગે ૧૦ ડિસેમ્બરે આપવામાં આવતા પત્રકારત્વ એવોર્ડમાં ૧૯૯૯ નો એવોર્ડ અંગ્રેજી સમાચાર પત્ર ટાઈમ્સ ઓફ ઇન્ડીયાના પત્રકાર શ્રી રાજીવ શાહ તેમન ગુજરાતી સમાચાર પત્ર સંદેશનાં પત્રકારશ્રી ઉર્વિશ કોઠારી ને એનાયત કરવામાં આવ્યો હતો.

## મહિલા સ્વરાજ અભિયાન

મહિલા સ્વરાજ અભિયાન ની રાજય સ્તરીય મિટીંગ ૧૩ ડિસેમ્બર'૨૦૦૦ નાં રોજ મળી જેમાં એમ.એસ.એ નાં કાર્યોની સમીક્ષા,ચુંટણી અભિયાન,પંચાયત માહિતી કેન્દ્રો અને મહિલા સ્વરાજ અભિયાને અછત અંગે કયાં પ્રકારની કામગીરી કરવી તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

## દુષ્કાળ

૧૭ ડિસેમ્બરનાં રોજ પ્રવાહ દ્વારા સમગ્ર વિકાસ ટ્રસ્ટ અને ઉત્થાન નાં સહયોગથી અમરેલી ખાતે એક દિવસનો પરિસંવાદ રાખવામાં આવ્યો જેમાં દુષ્કાળ અંગે સ્વૈછિક સંસ્થાઓ એ રોજગારી,પીવાનાં પાણી અને ઘાસચારા પર ચર્ચા કરી. પરિસ્થિતિની વિગતો મેળવી રજૂઆત કરવા અમરેલીમાં કામ કરતી સંસ્થાઓની કારોબારી સમિતિની રચના કરવામાં આવી.

## રાષ્ટ્રીય સેમિનાર–શાળાકિય શિક્ષણ માટેની સુધારણા.

તા.૧૮–૨૦ ડિસેમ્બર'૨૦૦૦ દરમ્યાન આગાખાન ફાઉન્ડેશન દ્વારા જામિયા હમદર્દ સંસ્થા–નવી દિલ્લી ખાતે યોજાયેલ આ કાર્યક્રમ નું ઉદઘાટન પ્રો.યશપાલજી નાં વરદ હસ્તે વૃક્ષ વાવીને કરવામાં આવ્યું હતુ.યશપાલજીએ જણાવ્યુ હતુ કે આપણે જે કઈ શિખીએ છીએ તે જન્મ થી નથી પણ સમાજમાં રહીને શિખીએ છીએ.આજે આપણે શિક્ષણ સુધારણા માટે કામ કરવું હોય તો તેના જડમૂળથી કામ શરૂ કરવું પડશે ત્યારે આપણે ઉપર સુધી પરિવર્તન લાવી શકીએ.

શ્રી કબીર વાજપેયી એ શાળા બિલ્ડીગ વિશે જણાવ્યું હતુ કે શાળાની ડિઝાઈન શાળાનાં બાળકો કે ગામનાં લોકો દ્વારા નકકી કરાવી જોઈએ જેમાં ગ્રીલની અંદર અલગ–અલગ ડિઝાઈનમાં ક,ખ,ગ– એ.બી.સી.ડી,એકડા અન્ય રમતો પણ રાખવી જોઈએ.ફર્શ ઉપર પણ અલગ–અલગ રમતો બનાવવી જોઈએ વર્ગની અંદર દિવાલ નિચેનાં ભાગમાં ચારેય ફરતું બ્લેક બોર્ડ બનાવવું જોઈએ.સ્કુલમાં,વર્ગમાં જ રિસેસ દરમ્યાન બાળકો રમી શકે તેવી રમતો રાખવી જોઈએ જેથી બાળકો સ્કૂલ બહાર કે વર્ગ બહાર ન જાય.

ડો.અનુપમા આહુજાએ પરિક્ષામાં વિદ્યાર્થીઓની ટકાવારી ઓછી હોય તો તેના માટે એકશન પ્લાન બનાવવા જોઈએ.શિક્ષકોની ભાષા બાળકો જેવી મનોવૈજ્ઞાનિક પધ્ધતિ ની હોવી જોઈએ.તેમ જણાવ્યું હતું.

ગ્રુપ ચર્ચામાં મહારાષ્ટ્ર,રાજસ્થાન,ગુજરાત,ઉતરપ્રદેશ, બિહાર,ઝારખંડ વિ.ની સ્વૈ.સંસ્થાઓ તથા શિક્ષણ સાથે સંકળાયેલ વ્યકિતઓ એ પોતે રજુ કરેલ પેપર ઉપર ચર્ચા કરી, જેમાં કોલેજનાં વિદ્યાર્થી ભાઈ–બહેનો પણ જોડાયા હતા.શિક્ષણ સુધારણા માટેનાં તારણો કાઢયા હતા.

**જો પાણી જાય એળે તો દુઃખ આવે આપ મેળે**

## સંસ્થા સમાચાર

### વિશ્વ એઈડઝ દિન

શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર અમરેલી સંચાલિત ઘનિષ્ઠ અભ્યાસક્રમ ખાંભાનાં વર્ગ પર ૧ લી નવેમ્બરએ 'વિશ્વ એઈડઝ દિન' ઉજવવામાં આવેલ.સંસ્થાનાં સાથી કુ.મમતા ગૌસ્વામીએ બહેનોને એઈડઝ વિશે જાણકારી આપી હતી.આ રોગ થી લોકો અજાણ છે. તે કેવી રીતે શરીરમાં પ્રવેશ કરે છે,તેનો ખ્યાલ આવે ત્યારે ઘણુ મોડુ થઈ ગયું હોય છે વિ.બાબતોની જાણકારી આપ્યા બાદ તેના પર પ્રશ્નોતરી યોજવામા આવી હતી.

### હિસાબો અને તાલીમ

શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા સ્વ સહાય જુથો માટે તેના હિસાબો કેમ રાખવા તે અંગે તા.૨૩ના રોજ તાલીમ રાખવામાં આવી હતી.જેમાં લોન રજીસ્ટર,હિસાબ રજીસ્ટર,રોજમેળ,ખાતાવાહી વિ.કેમ લખવા તે બાબતો શિખવવામાં આવી.નવા રચાયેલા અને બેંક સાથે જોડાયેલા આ ૧૧ જૂથોનાં ૨૨ ભાઈ–બહેનોએ આ તાલીમ લીધી.

### સ્ત્રી હિંસા અને સામાજીક વિકાસ

૨૩–૨૫ ડિસેમ્બર'૨૦૦૦ દરમ્યાન સ્ત્રી હિંસા અને સામાજીક વિકાસ પર તાલીમ કાર્યક્રમ ખાંભા ખાતે રાખવામાં આવ્યો હતો.

આ તાલીમમાં હિંસા કોને કહેવાય,તેના પ્રકારો,કયાંથી ઉદભવેછે.સામાજીલિંગભેદ,ધાર્મિક બંધનો, રિતરિવાજો, જાતિય અસમાનતા વગેરેમાં સ્ત્રી સાથે સંકળાયેલ હિંસા વિશે તથા સ્ત્રી શકિતની ઓળખ અને વિકાસમાં તેની ભૂમિકા વિશે સમજ કેળવવામાં આવી.સ્ત્રી દરેક કામ કરી શકે છે તેની શકિતઓને માત્ર ઓળખવાની હોય છે.આજે સ્ત્રી કયાં છે અને વધતા જતા સામાજીક વિકાસ માં તેની ભૂમિકા શું છે તે આ તાલીમમાં સ્પષ્ટ થયું.

વિસાવદર,નાનૂડી,ઉમરીયા,તાતણીયા, ધાવડીયા, લાસા વિ.ગામોની ૩૭ બહેનો માટે યોજેલ સ્ત્રી હિંસા પર ની આ તાલીમની રૂપરેખા સંસ્થાની કાર્યકર્તા બહેનો મમતા ગૌસ્વામી,ભારતી પટેલ,નિહારીકા મારવાણીયા એ પોતાની તાલીમ અને અનુભવોના આધારે ઘડી હતી.

તાલીમ કાર્યક્રમ સંસ્થાનાં પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયાએ ચલાવ્યો હતો.તેમજ સંદર્ભ વ્યકિત શ્રીઅરવિંદભાઈ ખુમાણ (કો–ઓર્ડીનેટર,સામાજીક ન્યાય કેન્દ્ર,અમરેલી)હાજર રહયા હતા.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કમળાબેન બોદર,શાન્તીભાઈ બોદર,કુટુંબ સલાહ કેન્દ્ર અમરેલી નાં શ્રીમતિ કંચનબેન વાગડીયા,સરદાર યુવક મંડળ –ધારીનાં પ્રમુખશ્રી રમેશભાઈ નસીત,દયાબેન દાફડા વગેરે હાજર રહયા હતા.

### સરપંચ બહેનોની મિટીંગ

૨૫ ડિસેમ્બર'૨૦૦૦નાં રોજ ખાંભા મુકામે મહિલા સરપંચો માટે મિટીંગ યોજવામાં આવી હતી.જેમાં માહિતી કેન્દ્ર,ચૂંટણી અભિયાન વિ.બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.પ્રજાપતિ જ્ઞાતિની વાડીમાં યોજાયેલ આ મિટીંગમાં તાલુકા પંચાયતનાં મહિલા પ્રમુખ શ્રીમતિ કમળાબેન બોદર ઉપસ્થિત રહયા હતા.

### ધરમપુર

અમરેલી જીલ્લાની વોટરશેડ યોજનાની અમલીકરણ સંસ્થાના પ્રતિનિધિઓનો એક પ્રવાસ ૧૧–૧૩ ડિસેમ્બર નાં રોજ યોજાયો.જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમરેલીના માર્ગદર્શન હેઠળ વોટરશેડ વિકાસ ટુકડીનાં તમામ સભ્યો આ પ્રવાસમાં જોડાયા હતા.

### વિના મુલ્યે ગરમ કપડા વિતરણ

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે અમરેલી ખાતે હનુમાનપરા રોડ પર આવેલ ગોકુલ ગાર્ડનમાં વિના મુલ્યે કપડા વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો.અમરેલીના ઔધોગિક વિસ્તારમાં કામ કરતા મજુર વર્ગના ભાઈ બહેનોને આ ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી ઉપરોકત સંસ્થાએ શેર એન્ડ કેર ફાઉન્ડેશન–ન્યુજર્સી અને લાઈફ–રાજકોટના સહયોગથી આ કપડા મેળવી જરૂરત મંદ લોકોને આપ્યા હતા.આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્ય શ્રી નારણભાઈ કાછડીયા,ખેતીવાડી અધિકારી શ્રી ભનુભાઈ ચોવટીયા, શ્રી વિઠલભાઈ માદલીયા,રવજીભાઈ તળાવિયા અને દેવચંદભાઈ કાબરીયાએ ઉપસ્થિત રહી તેમના હસ્તે ગરમ કપડાનુ વિતરણ કર્યુ હતુ.આ સાથે જ મહિલાઓ અને બાળ કોને શ્રીમતી કંચનબેન વાગડીયા અને વિજયાબેન કુંકવાવના હસ્તે ગરમ કપડાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

### પરિસંવાદ

' મહિલા વિકાસ યાત્રા – ૨૦૦૦ ' પર એક દિવસનો પરિસંવાદ ગુજરાત રાજય સમાજકલ્યાણ બોર્ડ– અમદાવાદ દ્વારા યોજાયો હતો.જેમાં શિક્ષણ અને સમાજસમાજકલ્યાણ કેન્દ્રનાં કાઉન્સેલર રેખાબેન દોંગા એ ભાગ લીધો હતો.

### રાષ્ટ્રિય સેવા યોજના (એન.એસ.એસ)

સંસ્થાના યુવતિ વિકાસ કેન્દ્ર ના ઉપક્રમે તરકતળાવ મુકામે યોજાયેલ એન.એસ.એસ શિબિરમાં મહિલા,બચત મંડળ, આરોગ્ય અને પર્યાવરણ વિષય પર જૂથ કાઉન્સેલિંગ યોજવામાં આવ્યુ જેમાં એન.એસ.એસ નાં પ્રોજેકટ ઓફિસર શ્રી જયંતિભાઈ તળાવિયા,કોમર્સ કોલેજનાં આચાર્ય શ્રી એમ.ડી.સીતાપરા,શ્રી બિપિનભાઈ જોષી,શ્રી ધીરૂભાઈ વાગડીયા,શ્રીમતિકંચનબેન વાગડીયા,એ માર્ગદર્શન આપ્યુ.

**પ્રાણથી પ્યારુ બનાવો,પાણીનો અંત છે જાણીને**

**વ્યસન**

ખૂબજ નાના શબ્દ સાથે અનેક વ્યકિતની જિંદગી રોગીષ્ટ બની મોતનાં મુખમાં ધીરે...ધીરે આવી જાય છે.દારૂ,ગુટખા,સિગારેટ,તમાકુ,ડ્રગ્સ નું વેચાણ ઓછુ થાય તો સારૂ કારણ કે અત્યારે નાના બાળકને ભાગના પૈસા માંથી ભાગ ને બદલે ગુટખા વધારે લે છે.તો ગુટખા વેંચનાર વ્યકિતએ જ આ બંધ કરવું જોઈએ.અને ધંધાને આગળ વધારવા માટે સારી પ્રવૃતિઓ હાથ ધરવી જોઈએ. ગામડામાં કે શહેરમાં સસ્તા વ્યવસાય તરીકે કોઈપણ ભાઈ કે બહેનને ધંધો શરુ કરવો હોય એટલે તરત પરચુરણ વેપારની દુકાન શરુ કરે અને તેમા પાન મસાલાથી લઈ બીડી સીગારેટ વેચવાનુ શરુ કરે છે. કારણ કે આ વસ્તુઓ રાખવા વેચવામા વધુ મુડી રોકાણની જરુર નથી અને આ વસ્તુના ગ્રાહકો પણ દરેક જગ્યાએ પુરતા મળી રહે છે.તેથી આ વિષ ચક્ર ચાલી રહયુ છે.આપણે જોઈએ છીએ કે એક નાના એવા ગામમાં પણ ૮ થી ૧૦ દુકાનો પાનની જોવા મળશે અને બીજી વધારે પાનની દુકાન શરુ થાય તો તે પણ ચાલે એટલી હદે લોકોમા વ્યસનો વધી રહયા છે. વળી, બધા લોકો જાણે છે કે વ્યસનો આપણાં આરોગ્યને નુકસાન કરે છે, છતાંય તે છોડવા ગમતા નથી.

બીજાનાં બાળકો છે એ આપણા જ છે એવો વિચાર કરી અને જો ગુટખા,સિગારેટ,તમાકુ એવું બંધ કરવાની વાત ઉપર આવી જવાય કે બધા લોકો સાથે મળી આ વાત ને ધ્યાન પર લે કે તમાકુ વગેરે ગામમાં મળવું જ ન જોઈએ કે જેથી બાળકો વ્યસની ન બને તેમનું ભાવિ સારા માર્ગે જાય તે પણ વડિલોએ વિચારવું જોઈએ. આ માટેના ઉપાય તરીકે આરોગ્ય પર તેની થતી અસરોનો અહેસાસ કરાવવો જરુરી બનશે.

પહેલાનાં જમાનામાં માણસોનું આયુષ્ય ૧૦૦ વર્ષ સુધીનું હતુ જયારે અત્યારે ૫૦ ની આસ પાસ પણ જીવતા લોકોનું જીવન માંદગીમાં સપડાયેલુ હોય છે.વ્યસન નાનપણથી જ શરૂ થઈ જાય છે પછી તેની તલપ એટલી બધી રહે છે કે વ્યસન છોડવું હોય તો પણ છુટતું નથી અંતે માણસને ખ્યાલ આવી જાય છે ત્યારે ઘણું મોડુ થઈ ગયુ હોય છે.સૌ સાથે મળી વ્યસનમાં થી મુકત થવા પ્રયત્નો કરીએ.

**–કંચન વાગડીયા**

**પાણી**

પાણી મનુષ્યનું જીવન દાતા છે.પાણી માટે વલખા મારતી પ્રજા માટેચેકડેમ પર્યાય નથી.પાણી કુદરતની દેન છે.

બાળક પોતાની જરૂરીયાત માટે પોતે પ્રયત્ન નથી કરતું તેની ઈચ્છાઓ પૂર્ણ કરવા તેના મા–બાપ સદા તત્પર રહે છે.બાળક ખાવા માટે અનાજ લેવા નથી જતું પાણી માટે ગોળો વસાવતું નથી.તે ફરજો તેના માતા પિતા નિભાવે છે.

તો આપણા પરમ પિતા પરમકૃપાળુ પ્રભુ તેના બાળકોને કેમ ટટળાવે છે? કારણ કે બાળક જેવી નિર્દોષતા,માતા પિતા તરફનો અહોભાવ આદર્શ આપણે ગુમાવીએ છીએ.પ્રભુને આપણો પોકાર પહોંચતો નથી.આપણે પ્રભુની કરૂણતા ગુમાવીએ છીએ.સાચા હૃદયની પ્રાર્થનાઓનો અભાવ અને તેના ઉપરનો વિશ્ર્વાસ ગુમાવી આપણે અભિમાનનાં ગાડરીયા ટોળામાં ભળી ગયા છીએ.સાચી જરૂર છે કુદરતની કૃપા મેળવી,તે મળશે તો વરસાદ આપો આપ આવશે.તમારા ડેમો બધા ભરાઈ જશે.ખેતરો લીલાછમ દેખાશે,ચારો તરફ આનંદોત્સવ રેલાશે પરંતુ તેને માટે જરૂર છે ફકત સાચા હૃદયથી કુદરતને મનાવવી.

**–મનુભારથી ગોસાઈ**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**
**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨) ૨૩૫૨૫, ૨૫૧૫૭, ૨૫૧૯૮
E-mail hard@ad1.vsnl.net.in

**પાણી બચાવો,સંકટ ટાળો**